ઈ.સી.તો-૧૧-૨-૧૯

ગુજરાત યુનિવર્સિટી 33237

નં.એકા-સ્ટોર/ /૨૦૧૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૮/૧૨/૨૦૧૮ 1/1/2019

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૩૦-૮-૨૦૧૮ને ગુરુવારના રોજ ૧૨-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી પ્રો. એચ.એ. પંડયા સાહેબે સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી.

| | | |
|---|---|---|
| ૧) પ્રો. એચ.એ. પંડયા સાહેબ | કુલપતિશ્રી, | હાજર |
| ૨) શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | ગેરહાજર |
| ૩) શ્રી ધ્રુમિલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૭/૫/૧૮ની સભાની કાર્યવાહીની નોધ નીચેના સુધારા સાથે મંજુર કરવા બાબત

૧૪) ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી ધ્વારાCPDR અંતર્ગત રૂ.૨૦૦-૦૦ લાખ તથા CIFTR અંતર્ગત રૂ.૨૭૬-૬૨ લાખની ગ્રાન્ટના અનુસંધાને કમીટીની ભલામણ મુજબ ઇકવીપમેન્ટ ખરીદી અંગેની પ્રક્રિયા તથા ઇ ટેન્ડરીંગ ધ્વારા ઇકવીપમેન્ટ વાઇઝ આવેલ તુલનાત્મક સ્ટેટમેન્ટમાં દર્શાવેલ L-૧ પ્રાઇઝ મુજબ રૂ.૪૭૩૦૫૫૮૪/- (A-૭ તથા B-૫ સિવાય)ની રકમના સાધનોની ખરીદી કરી ઓર્ડર આપવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે

ફાયનાન્સ સમિતિની તા.૭/૫/૧૮ની સભાની કાર્યવાહીની નોધ ઉપરોકત સુધારા સાથે મંજુર કરવામાં આવી.

૨) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષશ્રી મારફત આવેલા યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં E-Tenderના અનુસંધાને ઇન્સટોલ કરવામાં આવેલ બાયોમેટ્રીક ઉપકરણની ખરીદી તથા ઇન્સ્ટોલેશન માટેના કુલ રૂ.૩૭,૨૪,૦૪૦/- (ટેક્ષ સહીત)ની રકમના ચુકવણા અંગે મા.કુલપતિશ્રી ધ્વારા નિયુકત કરેલ કમીટીના આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા તથા ખર્ચનું મથાળું નિયત કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષશ્રી મારફત આવેલા યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં બાયોમેટ્રીક ઉપકરણની ખરીદી તથા ઇન્સ્ટોલ માટેના કુલ રૂ.૩૭,૨૪,૦૪૦/- (ટેક્ષ સહીત)ની રકમની ચુકવણી અંગેનો ખર્ચ યુજીસીના બારમા પ્લાનમાંથી કરવાનું રાખવું.

457-25-01-2019

૩) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા યુનિવર્સિટીના વિવિધ વિભાગો માટે કોમ્પ્યુટર, સર્વર તથા પ્રિન્ટરના વાર્ષિક મેઇન્ટેનન્સના કોન્ટ્રાકટ કરવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓફલાઇન ટેન્ડર પ્રસિધ્ધ કરી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પૈકી તુલનાત્મક તારણ મુજબ L-૧ પાર્ટી મે.ક્રિષ્ના સોફટેકનાઓને રૂ.૪,૯૫,૦૦૦/-માં કામગીરી સોપવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા યુનિવર્સિટીના વિવિધ વિભાગો માટે કોમ્પ્યુટર, સર્વર તથા પ્રિન્ટરના વાર્ષિક મેઇન્ટેનન્સનો કોન્ટ્રાકટ કરવા માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓફલાઇન ટેન્ડર પ્રસિધ્ધ કરી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પૈકી તુલનાત્મક તારણ મુજબ L-૧ પાર્ટી મે.ક્રિષ્ના સોફટેકને ટેન્ડરની શરતો મુજબ રૂ.૪,૯૫,૦૦૦/-(ટેક્ષ સાથેના ખર્ચે કામગીરી સોપવાનું રાખવું.

૪) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે Prinotonix Liner Printerની જરુરીયાત હોઇ આ અંગેની ખરીદી કરવા અંગે વર્તમાનપત્રમાં જાહેરાત આપી તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓફલાઇન ટેન્ડર પ્રસિધ્ધ કરી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પૈકી તુલનાત્મક તારણ મુજબ L-૧ M/s. એ વી ટેકનોલોજીને રૂ.૪,૯૮,૯૯૦/-(ટેક્ષ સાથે)ના ખર્ચે ખરીદ કરવા વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે Prinotonix Liner Printerની જરુરીયાત હોઇ આ અંગેની ખરીદી કરવા અંગે વર્તમાનપત્રમાં જાહેરાત આપી તેમજ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર ઓફલાઇન ટેન્ડર પ્રસિધ્ધ કરી મંગાવેલ અને આવેલ ટેન્ડરો પૈકી તુલનાત્મક તારણ મુજબ L-૧ M/s. એ વી ટેકનોલોજી પાસેથી રૂ.૪,૯૮,૯૯૦/-ના ખર્ચે ટેન્ટરની શરતો મુજબ ખરીદવાનું રાખવું.

૫) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર, ધ્વારા કોમ્પ્યુટર સાયન્સ વિભાગ તથા IT એનિમેશન વિભાગ માટેના નવા કોર્સિઝ માટે જરુરી હાયર એન્ડ કોન્ફીગરેશનવાળા કોમ્પ્યુટરની ખરીદી કરવા મા.કુલપતિશ્રી ધ્વારા નિયુકત કરેલ કમીટીના તા.૨૨-૬-૧૮ની મિટીંગના આવેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે કોમ્પ્યુટર સાયન્સ વિભાગ માટે કોમ્પ્યુટરો ખરીદવા માટે GEM મારફતે કરેલ પ્રક્રિયાના આધારે GEM Portal ઉપરથી વિભાગે તૈયાર કરેલ તુલનાત્મક પત્રકમાં દર્શાવ્યા મુજબ Lenovo P ૩૨૦ Towerના ભાવ નંગ દીઠ રૂ.૨,૧૮,૩૦૦/- (GST સહીત) સૌથી ઓછા

(L-૧) છે જે મુજબ કુલ બાર નંગ ખરીદવા માટે થનાર કુલ રૂ.૨૬,૧૯,૬૦૦/- પુરાનો ખર્ચ અને IT એનિમેશન વિભાગ માટે કુલ દશ નંગ ખરીદવા માટે થનાર કુલ રૂ.૨૧,૮૩,૦૦૦/- પુરાનો ખર્ચ એમ ઉપરોકત બે વિભાગો માટે કુલ બાવીસ નંગ ખરીદવા માટે થનાર કુલ રૂ.૪૫,૦૨,૬૦૦/- પુરાનો ખર્ચ મંજુર કરવાનું રાખવું. ઉપરોક્ત ખર્ચની રકમ કોમ્પ્યુટર સાયન્સ વિભાગ તથા એનિમેશન વિભાગ ધ્વારા યુનિવર્સિટી ખાતે જમા થતી અનુક્રમે ૩૦% તથા ૪૦% રકમમાંથી સરભર કરવાનું રાખવું.

૬) ગુજરાત યુનિવર્સિટીના એડમિશન તથા એમ.ફિલ. અને પીએચ.ડી અને એલીજીબિલીટી અને માઇગ્રેશનને લગતી કામગીરી કરતી એજન્સી કિષ્ના સોફટેક્ની તા.૧૪-૯-૧૮ની લેખિત બાંહેધરી મુજબ કુલ બીલની રકમના ૧૮ ટકા પ્રમાણે GSTની કુલ થતી રકમ રૂ.૮,૫૪,૫૫૮/- ચુક્વવા અંગેની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે બાંધકામ સમિતિની બેઠકમાં યુનિવર્સિટી ખાતે ચાલી રહેલ પ્રોજેક્ટ માટે મંજૂર થયેલ વચગાળાની રાહત પ્રમાણે ઉપરોક્ત એજન્સીને બાંહેધરી સાથે ચુક્વવાનું રાખવું.

૭) ધ ઇન્ડીયન એકસપ્રેસના તા.૧૨ જુલાઇ,૨૦૧૮ના રોજ આવેલ વિશીષ્ટ આવૃતિમાં યુનિવર્સિટીનો અહેવાલ આપવા અંગેની દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત એકિઝકયુટીવ કાઉન્સીલમાં વિચારણા અર્થે મુકવાનું રાખવું.

૮) પરીક્ષા વિભાગના Barcode Based Examination Data/Result Processing and Printingના ટેન્ડર સંદર્ભે આપેલ વર્કઓર્ડરની મુદત જુન-૨૦૧૮ સુધીની હોઇ આગળ ઓગસ્ટ-૨૦૧૮ની મેડીકલની પરીક્ષાઓ તથા ઓકટોમ્બર-નવેમ્બર, ડિસેમ્બર-૨૦૧૮ની પરીક્ષાઓને ધ્યાને લઇ ૧) કિષ્ના સોફટેક અને ૨) મે.મેટા આઇ ટેકનોલોજીની સદર કામગીરીના વર્કઓર્ડરની પુરી થતી મુદત બાબતે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ટેન્ડરની શરત નં.૧૩/૨ મુજબ પરીક્ષા વિભાગ તરફથી ઇજારદારની કામગીરી સંતોષકારક હોય તો L૧ ઇજારદારને Barcode based Exam.ની કામગીરી વધુ ૧ વર્ષ માટે જુના ટેન્ડરની શરતો મુજબ લંબાવી આપવાનું રાખવું.

૯) Confidenetial Printing અંગેની કામગીરી અંગે પ્રિન્ટર તરફથી આવેલ બીલો ઉપર GSTની રકમની ચુકવણી કરવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.
(નોધ :ટેન્ડરની શરતોને ધ્યાને લેતા મંજુરી અંગે વિચારણા કરવા અંગે)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ટેન્ડરની શરતો મુજબ કાર્યવાહી કરવાનું રાખવું.

૧૦) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના અધ્યક્ષશ્રીની તા.૧૩-૮-૧૮ની નોધ મુજબ IT કમીટીની ભલામણના સંદર્ભમા માઇક્રોસોફ્ટના કેમ્પસ એગ્રીમેન્ટને ત્રણ વર્ષ માટે રૂ.૭૦,૦૦,૦૦૦/- (સિતેર લાખ પુરા)ના અંદાજીત ખર્ચે રીન્યુ કરવાની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

(નોધ : સદર ચુકવણું વાર્ષિક ધોરણે ત્રણ સરખા હપ્તામાં કરવાનું થશે)

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ટેન્ડરનો મુસદો IT કમીટી ધ્વારા મંજુર થયેલ હોઇ કોર્મશીયલ બીડ આગામી ફાયનાન્સ સમિતિમાં મુકવાનું રાખવું.

૧૧) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના CCC પરીક્ષા લેવા માટે જરુરી ઓનલાઇન પોર્ટલ માટેનો કોન્ટ્રાકટ આપવા માટે મંગાવેલ કોટેશનોનો નિકાલ કરવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના CCC પરીક્ષા લેવા માટે જરુરી ઓનલાઇન પોર્ટલ માટેનો કોન્ટ્રાકટ આપવા માટે ઓફલાઇન ટેન્ડરો મંગાવીને કાર્યવાહી કરવાનું રાખવું.

૧૨) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરના એસ્ટેટ વિભાગ ધ્વારા વી.સી. લોબી ખાતે જુદા જુદા વાયરલેશ નેટવર્ક અંગેના રજુ થયેલા બીલો અન્વયે સંતોષકારક કામગીરી પ્રમાણિત કરવા માટે તા.૨૭-૭-૧૮ને શુક્રવારના રોજ બપોરે ૪-૦૦ કલાકે મળેલ આઇ ટી કમીટીની મિટીંગમાં થયેલ ચર્ચા ઉપરની મિનીટસ ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે તા.૨૭-૭-૧૮ને શુક્રવારના રોજ બપોરના ૪-૦૦ કલાકે મળેલ આઇ ટી કમીટીની મિટીંગની ભલામણો વંચાણે લઇ ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૧૩) યુનિવર્સિટી સ્કુલ ઓફ સાયકોલોજી, એજયુકેશન એન્ડ ફિલોસોફીમાં નેટવર્કીંગ કરવા માટે મંગાવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા અંગે. આ અંગેનો L-૧ M/s. Exileo Technology Inc.નો ખર્ચ રૂ.૧,૮૪,૨૩૫/- + GSTનો થશે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર મારફત આવેલ યુનિવર્સિટી સ્કુલ ઓફ સાયકોલોજી, એજયુકેશન એન્ડ ફિલોસોફીમાં નેટવર્કીંગ કરવા માટે મંગાવેલ ભાવપત્રકો ઉપરથી તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર L-૧ વેપારી M/s. Exileo Technology

Inc. પાસે ટેન્ડરની શરતો મુજબ કુલરૂ.૧,૮૪,૨૩૫/- + GST ના ખર્ચે નેટવર્કીંગની કામગીરી કરાવવાનું રાખવું. આ ખર્ચ યુનિવર્સિટીના ડીજીટલાઇઝેશનના મથાળે પોસ્ટ કરવો.

૧૪) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા યુનિવર્સિટી સ્કુલ ઓફ સાયકોલોજી, એજયુકેશન એન્ડ ફલોસોફી ભવનના નવા બનેલા કલાસરુમોમાં CC TV કેમેરા લગાડવા માટે મંગાવેલ ભાવપત્રકોનો નિકાલ કરવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે. આ અંગેનો L-૧ વેપારી M/s. Exileo Technology Inc.નોકુલ ખર્ચ રૂ.૧,૬૨,૯૧૪/- + GSTનો થશે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા યુનિવર્સિટી સ્કુલ ઓફ સાયકોલોજી, એજયુકેશન એન્ડ ફિલોસોફી ભવનના નવા બનાવેલા કલાસરુમોમાં CC TV કેમેરા લગાવવા માટે મંગાવેલ ભાવપત્રકો ઉપરથી તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ સૌથી ઓછો ભાવ ભરનાર L-૧ વેપારી M/s. Exileo Technology Inc.ની પાસે ટેન્ડરની શરતો મુજબ કુલ રૂ.૧,૬૨,૯૧૪/-+GSTના ખર્ચે CC TV કેમેરા લગાવવા માટેની કામગીરી સોપવાનું રાખવું. આ ખર્ચ યુનિવર્સિટીના CCTV ખર્ચ ખાતેથી કરવાનું રાખવું.

૧૫) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા તા.૨૨-૩-૧૮ની ફાયનાન્સ સીમતિની બા.ક્ર.૧૫ના ઠરાવ મુજબ બારમા પ્લાનની ગ્રાન્ટ યુનિવર્સિટી બજેટકોડ ૦૧૦૧૧૪૫ ખાતે પાડવા અંગેની બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે સુધારી બજેટકોડ ૦૪૦૧૧૪૫ કરવાનું રાખવું.

૧૬) ભૂગોળ ભવન ધ્વારા ચાલતા M Sc Geoinformatics MSC તથા Geology અભ્યાસક્રમમાં જરુરીયાત મુજબના સોફટવેર ખરીદવા માટે ENVI Softwareની જરુરીયાત હોય તેઓશ્રી ધ્વારા ભારતના એક માત્ર પ્રોપરાઇટર તથા આ સોફટવેરના પેટન્ટ હકકો ધરાવતા Esri Indiaની પાસેથી ખરીદવા અંતર્ગત સોફટવેરની ૧(એક) માત્ર ૧૦ યુઝર પેરની કુલ રૂ.૫,૯૮,૫૦૦/-ના ખર્ચેની બાબત પર વિચારણા કરવા અંગે.

ગ્રાન્ટ કોડ ૦૪૦૧૧૩૧

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ભૂગોળ ભવન ધ્વારા ચાલતા M Sc Geoinformatics MSC તથા Geology અભ્યાસક્રમમાં જરુરીયાત મુજબના સોફટવેર ખરીદવા માટે ENVI Softwareની જરુરીયાત હોય

તેઓશ્રી ધ્વારા ભારતના એક માત્ર પ્રોપરાઇટર તથા આ સોફટવેરના પેટન્ટ હકકો ધરાવતા Esri Indiaની પાસેથી ખરીદવા અંતર્ગત સોફટવેરની ૧(એક) માત્ર ૧૦ યુઝર પેરની કુલ રૂ.૫,૯૮,૫૦૦/- ના ખર્ચે ખરીદવાનું રાખવું.

૧૭) અનુસ્નાતક વિભાગ ધ્વારા ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન પી જી સેન્ટરના હિસાબોને ચાર્ટડ એકાઉટન્ટ પાસે ઓડીટ કરાવવા અંગે વર્ષ ૨૦૧૬-૧૭માં આ કાર્ય માટે અમરીષ જે પટેલ એન્ડ કંપનીને ફાઇલ દીઠ રૂ.૧૦૦૦/- લેખે નિમવામાં આવેલ હતા ત તેઓને આજ કામ માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટે ચાલુ રાખવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક વિભાગને ઉપરોક્ત બાબત અંગે વિભાગીય ભલામણ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માટે પણ ચાર્ટડ એકાઉટન્ટ અમરીષ જે પટેલ એન્ડ કંપનીને ફાઇલ દીઠ રૂ.૧૦૦૦/- લેખે નિમવાનું રાખવું.

૧૮) ગુજરાત યુનિવર્સિટીની નવેમ્બર-૨૦૧૮થી શરુ થતી પરીક્ષાઓના પરીક્ષા ફોર્મની ફી સ્વીકારવા માટેની કોટક બેંક તરફથી આવેલ દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની નવેમ્બર-૨૦૧૮થી શરુ થતી પરીક્ષાઓના પરીક્ષા ફોર્મની ફી સ્વીકારવા માટેની તમામ આનુષાંગિક અને સંલગ્ન કામગીરી કોટક બેંક તરફથી આવેલ દરખાસ્ત મુજબ એડમિશનની કામગીરી કરેલ હોઇ પરીક્ષા ફી સ્વીકારવાની કામગીરી તેઓને સોપવાનું રાખવું.

૧૯) એકેડેમિક વિભાગમાં ફરજ બજાવતા હંગામી કોમ્પ્યુટર ઓપરેટરોના માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૦,૦૦૦/- કરવાની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

નોધ : તા.૨૨-૩-૧૮ના રોજ મળેલ ફાયનાન્સ સમિતિની બા.ક્ર.૧૪માં મંજુર થયા મુજબ હિસાબ તથા ગ્રાન્ટ વિભાગમાં ફરજ બજાવતા હંગામી કોમ્પ્યુટર ઓપરેટરના માસિક સ્ટાઇપેન્ડ રૂ.૧૦,૦૦૦/- મંજુર કરવામાં આવેલ છે.

એકેડેમિક શાખાની જોબટ્રેઇનીઓના પગાર વધારાની બાબત અન્વયે આથી એકિઝકયુટીવ કાઉન્સીલને નીચે મુજબની ભલામણો કરવામાં આવે છે.

૧) ગુજરાત રાજય સરકારની Fix પગારના કર્મચારીઓની રાજય સરકારની પગાર સુધારણાની નિતી અન્વયે નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/(ભાગ-૨/Z-૧/ તા.૨૦-૧૦-૧૫ના ભાગ-૧ અંતર્ગત ચાલુ સત્રની મંજુરી ધરાવતા તમામ જોબ ટ્રેઇનીઓ કે જેઓને રૂ.૭૮૦૦/- સ્ટાઇપેન્ડ તરીકે ચુકવાતા હતા તેને ચાલુ સત્ર પૂરતા

રૂ.૧૦,૦૦૦/- કરવાનું રાખવું તથા પટાવાળા કે જોઓને રૂ.૭૧૦૦/- સ્ટાઇપેન્ડ ચૂકવતા હતા તેઓને રૂ.૯૦૦૦/- સ્ટાઇપેન્ડ ચુકવવાનું રાખવું.

૨) ઉપરોક્ત-(૧) અન્વયે કરવામાં આવેલ સ્ટાઇપેન્ડનો સુધારો તા.૧-૯-૨૦૧૮થી અમલી રાખવો.

૩) આગામી સત્ર માટે પ્રત્યેક વિભાગના વડાઓને હંગામી કર્મચારીઓના વાસ્તવિક સ્ટાઇપેન્ડનો ખર્ચ આકારી પ્રત્યેક જોબ ટ્રેઇની/પટાવાળાની કામગીરીને તથા વિભાગની જરુરીયાતને પ્રમાણિત કરી નવી મંજુરી માટેની દરખાસ્ત કરવાની રહેશે.

૪) યુનિવર્સિટીના તમામ વિભાગોમાં જોબટ્રેઇની/પટાવાળાના સ્ટાઇપેન્ડના દર ઉપરોકત મુજબ જ રાખવા.

૨૦) ૨૦૦૫-૦૬થી ૨૦૧૧-૧૨ સુધીના અનુસ્નાતક કેન્દ્રના આવક-જાવક સામે ખર્ચ રૂ.૧,૨૩,૩૧,૪૯૬/-ની રકમનો હિસાબ સરભર કર્યા બાબત.

નોધ : કેન્દ્ર ધ્વારા ખર્ચ કરતા આવકના વધારાની તફાવતની રકમ જે યુનિવર્સિટીમાં જમા થયેલ છે તે જે તે વર્ષમાં પી.જી. કેન્દ્ર આવક તરીકે ચોપડે જમા લીધેલ છે.

હિસાબ વિભાગની ઉપરોકત કામગીરીને બિરદાવવામાં આવી.

૨૧) યુજીસીના તા.૨૩-૮-૧૮ના પત્રાંકનં.F-૮૭-૧/૨૦૧૭ (SU) પત્ર મુજબ યુજીસી બારમી પંચવર્ષીય યોજનાને જે તા.૩૧-૩-૧૯ સુધ એકસટેન્ડ કરેલ છે તેમાંથી ફાળવેલ કુલ ગ્રાન્ટ રૂ.૧૭,૧૬,૦૦,૦૦૦/- અંતર્ગત જમા રહેલ કુલ રૂ.૭૨,૪૫,૪૦૪/- ગ્રાન્ટને યુટીલાઇઝ કરવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે જમા રહેલ કુલ રૂ.૭૨,૪૫,૪૦૪/-ની ગ્રાન્ટમાંથી બાયોમેટ્રીક માટે રૂ.૩૭,૨૪,૦૦૦/- તથા સ્માર્ટ કલાસ રુમ માટે બાકીની સિલક મંજુર થયેલ ગ્રાન્ટની મર્યાદામાં વાપરવાનું રાખવું.

૨૨) ગુજરાત સરકારના તા.૧૭-૯-૧૮થી તા.૨૫-૯-૧૮ દરમ્યાન આંતરરાષ્ટ્રીય વ્યાપાર અને મૂડી રોકાણની તકોના હેતુથી રશીયા અને ફ્રાંસની મુલાકાતે જનાર પ્રતિનિધિ મંડળમાં મા.કુલપતિશ્રીના શૈક્ષણિક જ્ઞાન અને નિપુણતા ધ્વારા આ મુલાકાત વધુ સફળ થઇ શકશે તેવા આગ્રહ સાથે ગુજરાત સરકારનું આમંત્રણ મળેલ હોવાથી તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૨૭) પ્રમુખશ્રીની પરવાનગીથી રજુ કરવામાં આવેલ બાબત.

(૧) તા.૨૭-૮-૨૦૧૮ના ગ્રાન્ટ વિભાગના પત્રકમાંક-હિસાબ/હિસાબ/એકા-૦૨/ગ્રાન્ટ/૨૦૧૮માં જણાવ્યા મુજબ તા.૮-૧૧-૧૭ના રોજ મળેલ મા.કુલપતિશ્રી ધ્વારા ગ્રાન્ટ યુટીલાઇઝેશન કમીટીની મળેલ મિટીંગની મિનીટસ મુજબ ક્લાઇમેટ ચેન્જ વિભાગના વડાની ભલામણ મુજબ મંજુર કરેલ સાધનો ખરીદવા માટે થયેલ ટેન્ડરની યાદી પૈકી ટેન્ડરમાં બાકી રહેલ Liquid Chromatography based Rotten Purification Systemનો સમાવેશ કરી સ્પેશ્યલ પ્રાઇઝ અંતર્ગત કુલ રૂ.૨૭૯૯૩૦૦/- (Including all)ના ખર્ચે ખરીદ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગ્રાન્ટ વિભાગના ઉપરોક્ત તા.૨૭-૮-૧૮ના પત્રાંક્ના સંદર્ભમાં અને તા.૮-૧૧-૧૭ના રોજ મળેલ ગ્રાન્ટ યુટીલાઇઝેશન કમીટીની મિનીટસની મંજુરી મુજબ મંગાવેલ ટેન્ડરો ધ્વારા ખરીદવાના સાધનોની યાદીમાં ઉપરોક્ત Liquid Chromatography based Rotten Purification System સાધનનો સમાવેશ કરી સ્પેશ્યલ પ્રાઇઝ મુજબ કુલ રૂ.૨૭૯૯૩૦૦/- (Including all) પુરાના ખર્ચે ટેન્ડરની શરતો મુજબ ગ્રાન્ટની મર્યાદામાં રહીને યુનિવર્સિટીના નિયમ અને ધારાધોરણો મુજબ ખરીદ કરવાનું રાખવું.

(૨) ગુજરાત યુનિવર્સિટીમાં ચાલી રહેલ વિકાસ કાર્યોને આગળ વધુ વિકસાવવા માટે તથા બિલોની ચુકવણી કરવા અંગે યુનિવર્સિટીની એફ.ડી.ઓને વટાવવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં યુધ્ધના ધોરણે ચાલી રહેલ ઝડપી વિદ્યાર્થી વિકાસ તથા વ્યવસ્થા સુદ્રઢ બનાવવા માટેના કાર્યોને યુનિવર્સિટી સંકુલને વિશ્વકક્ષાનું બનાવવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલા કાર્યો વણથંભી રીતે આગળ ધપાવવાનું ચાલુ રાખવા માટે અને નિયત સમયમાં પૂર્ણ કરવાના આશયથી વિકાસ કાર્યોના બિલોની ચુકવણી સમયસર કરવા માટે અને વિકાસ કાર્યોમાં વિક્ષેપ અને અવરોધ ન આવે તે હેતુથી યુનિવર્સિટી સેનેટના ઠરાવને ધ્યાને લઈ યુનિવર્સિટી જનરલ ફંડની ફિક્સ્ડ ડીપોઝીટો પૈકી જરુર જણાય તે મુજબની થાપણો સમયાંતરે વટાવવાનું રાખવું તથા યુનિવર્સિટી ખાતે ભંડોળ થયેથી સિલકો પુન: એફ.ડી.માં મુકવાનું રાખવું.

(૩) ઉપાસના સ્કુલ ઓફ પર્ફોમીંગ આર્ટસના તા.૧૪-૧૫-૧૬/ ડિસેમ્બર-૨૦૧૮ના રોજની આર્યુવેદની નેશનલ કોન્ફરન્સ નિમિતે રાખેલ સાંસ્કૃતિક કાર્યક્રમનો અંદાજીત ખર્ચ રૂ.૧,૪૫,૦૦૦/- મંજુર કરવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપાસના સ્કુલના ઉપર મુજબ રાખેલ નેશનલ કોન્ફરન્સના સાંસ્કૃતિક કાર્યક્રમના સંદર્ભમાં આ આંતર રાષ્ટ્રીય સેમિનારમાં ગુજરાત યુનિવર્સિટીની ભાગીદારીના સંદર્ભમાં યુનિવર્સિટીના દાઇત્યમાં રૂ.૧,૪૫,૦૦૦/- સુધીનો ખર્ચ ઓડીટને આધીન મંજુર કરવાનું રાખવું.

(૪) ઉપાસના સ્કુલ ઓફ પર્ફોમીંગ આર્ટસના તા.૨૪ અને ૨૮ સપ્ટેમ્બર-૨૦૧૮ના રોજ રાખેલ શ્રેષ્ઠ ભારત સાંસ્કૃતિક કાર્યક્રમમાં થયેલ ખર્ચ રૂ.૨,૦૮,૧૫૨/- મંજુર કરવાની બાબત પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપાસના સ્કુલના ઉપર મુજબ રાખેલ શ્રેષ્ઠ ભારત સાંસ્કૃતિક કાર્યક્રમના સંદર્ભમાં સ્નગીત નાટય એકેડેમીની સાથે રાષ્ટ્રીય કાર્યક્રમ HOST કર્યો હોય આ અંગે જરુરી થયેલ ખર્ચ રૂ.૨,૦૮,૧૫૨/- ઓડીટને આધીન મંજુર કરવાનું રાખવું.

(૫) ગુજરાત યુનિવર્સિટીમાં ભારતીય વિચાર મંચ, ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે થનાર કાર્યક્રમ માટેનો ખર્ચ મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ભારતીય વિચાર મંચ, ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે થનાર કાર્યક્રમ માટેનો આનુષાંગિક ખર્ચ મંજુર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૬) ગુજરાત યુનિવર્સિટીમાં યોજાનાર કલોલ તાલુકા અને ગુજરાત યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે ભરાનાર ભરતી મેળાના ખર્ચ પેટે ફંડ આપવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત ભરતી મેળામાં રાજય સરકારશ્રી તેમજ કલોલ કેળવણી મંડળના કાર્યક્રમમાં ગુજરાત યુનિવર્સિટી પણ સહભાગી હોઇ રૂ.૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ) સુધીનો સહયોગ મંજુર કરવાનું રાખવું.

(૭) ગુજરાત યુનિવર્સિટીના GST માસિક અને વાર્ષિક પત્રકો ભરવા તથા વર્ષના અંતે GST ઓડીટ કરવા અંગેની કામગીરી ધ્વનિષ શાહ એન્ડ એસોસીએટ (સીએ)ને સોપવા અંગેની બાબત અંગે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના GST માસિક અને વાર્ષિક પત્રકો ભરવા તથા વર્ષના અંતે GST ઓડીટ કરવા અંગેની ધ્વનિષ શાહ એન્ડ એસોસીએટ (સીએ)ને નવેમ્બર-૨૦૧૮ સુધીની સોપેલ કામગીરીની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવાનું રાખવું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

(૮) ગુજરાત યુનિવર્સિટીના GST હેઠળ ટીડીએસ કપાત અન્વયે નવો નોંધણી નંબર લેવા તથા માસિક પત્રકો ભરવા અંગેની કામગીરી ધ્વનિષ શાહ એન્ડ એસોસીએટ (સીએ)ને સોપવા અંગેની બાબત અંગે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે GST હેઠળ ટીડીએસ કપાત અન્વયે નવો નોંધણી નંબર લેવા તથા માસિક પત્રકો ભરવા અંગેની કામગીરી ધ્વનિષ શાહ એન્ડ એસોસીએટ (સીએ)ને સોપવા અંગેની નવેમ્બર-૨૦૧૮ સુધીની સોપેલ કામગીરીની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવાનું રાખવું અને તે અંગે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવો.

(૯) ગુજરાત યુનિવર્સિટીનો ૨૩ નવેમ્બર-૨૦૧૮ના રોજની ઉજવણીનો સ્થાપના દિન નિમિતે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવા અંગે

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનો ૨૩ નવેમ્બર-૨૦૧૮ના રોજની ઉજવણીનો સ્થાપના દિન નિમિતે થનાર આનુષાંગિક ખર્ચ મંજુર કરવાનું રાખવું.

(૧૦) યુનિવર્સિટી ખાતેના વર્લ્ડ આયુર્વેદ કોન્ગ્રેસમાં સ્ટોલ બુકીંગ તથા કલ્ચર ઈવેન્ટ્સ માટે થનાર આનુસંગિક ખર્ચ મંજુર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ખાતેના વર્લ્ડ આયુર્વેદ કોન્ગ્રેસમાં સ્ટોલ બુકીંગ તથા કલ્ચર ઈવેન્ટ્સ માટે થનાર આનુસંગિક ખર્ચ મંજુર કરવાનું રાખવું.

૨૮) **કુલપતિશ્રીએ મંજુર કરેલ કાર્ય જાણ સારું.**

(૧) રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર ધ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં લગાવેલ કેમેરાઓનું રીઇન્સ્ટોલ તથા રીપેરીંગ કરાવવા માટે મંગાવેલ ભાવપત્રકોમાંથી તૈયાર કરેલ તુલનાત્મક તારણ મુજબ વેપારી ક્રમાંક-(૨) મે.સૂચન સિસ્ટમ ધ્વારા રૂ.૪,૧૩,૧૯૦/-+ GSTના ખર્ચે તેઓ L-૧ હોઇ સદર કામગીરી તેમની પાસે કરાવવાનું મંજૂર કર્યાનું.

કુલપતિશ્રીના મંજુર કરેલ ઉપરોક્ત કાર્યની નોધ લેવામાં આવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

કા.કુલસચિવ

મંજૂર

મા.કુલપતિશ્રી સાહેબ

૨૩) ગુજરાત યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રની પેટીકેશની રકમ વધારવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામા આવે છે કે આરોગ્ય કેન્દ્રની હાલની પેટીકેશની રકમ રૂ.૨,૦૦૦/-થી વધારીને દવાઓ વગેરે ખરીદવા અંગેની આવશ્યક જરુરીયાતોને ધ્યાને લેતા રૂ.૫૦૦૦/- કરવાનું રાખવું.

૨૪) ઉપાસના સ્કુલ ઓફ પર્ફોમીંગ આર્ટના અધ્યક્ષશ્રીના તા.૪-૫-૧૮ના પત્રમાં જણાવ્યા મુજબ ટેમ્પરરી કલાર્ક અને ટેમ્પરરી પટાવાળાઓનો પગાર વધારાના તફાવતને રકમ ચુકવવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત

આથી ઠરાવવામાં આવે છે કે અકેડેમિક શાખાની જોબટ્રેઇનીઓના પગાર વધારાની બાબત અન્વયે બાબત ક્રમાંક-૧૯માં કરેલ ઠરાવ મુજબની કાર્યવાહી કરવાનુ રાખવું.

૨૫) ગુજરાત યુનિવર્સિટીના બિન શૈક્ષણિક વર્ગના કર્મચારીઓના બાળકોને વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ-૧થી ૧૧ સુધી જુદા જુદા વિષયના પુસ્તકો NCERT કોર્ષના અમલીકૃત પુસ્તકોને માન્ય રાખી ૭૫ ટકા રકમ રીએમ્બર્સ કરી આપવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે અગાઉની તા.૭-૪-૧૯૭૩ના એકિઝકયુટીવ કાઉન્સીલના ઠરાવ પરીશીષ્ટ-છમાં કામકાજના ક્માંક-૫૧ના ઠરાવ મુજબ ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળના અમલીકૃત પાઠય પુસ્તકોના ખર્ચના ૭૫ ટકા રકમ રીએમ્બર્સ કરી આપવાની સાથે વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ-૧થી ૧૧ સુધી જુદા જુદા વિષયના પુસ્તકો NCERT કોર્ષના અમલીકૃત પુસ્તકોને માન્ય રાખી ૭૫ ટકા રકમ રીએમ્બર્સ કરી આપવાનું રાખવું.

૨૬) ગ્રાન્ટ વિભાગ તરફથી આવેલ Standard Operating Procedure અંગેની પ્રપોઝલ ઉપર વિચારણા કરવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામા આવે છે કે ગ્રાન્ટ વિભાગ તરફથી આવેલ Standard Operating Procedure અંગેની નોધમાં જણાવ્યા પ્રમાણે This would ease and effectively speed up the procedure of funds Utilisations and liaison with the respective founding agencies and the stakeholders at the University મુજબ મંજુર કરવાનું રાખવું.

ઈ.સી.તા.૧૧-૨-૨૦૧૯

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા-સ્ટોર/36283/૨૦૧૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૨૯/૧/૨૦૧૯
5/2/19

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૨૬-૧૨-૨૦૧૮ને બુધવારના રોજ ૧-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી પ્રો. એચ.એ. પંડયા સાહેબે સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી.

| | | |
|---|---|---|
| ૧) પ્રો. એચ.એ. પંડયા સાહેબ | કુલપતિશ્રી. | હાજર |
| ૨) શ્રી મહેશભાઇ કસવાલા | સભ્યશ્રી | હાજર |
| ૩) શ્રી ધ્રુમિલભાઇ પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૪) શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ | સભ્યશ્રી | હાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૩૦/૮/૧૮ની સભાની કાર્યવાહીની નોધ મંજુર કરવા બાબત.

ફાયનાન્સ સમિતિની તા.૩૦/૮/૧૮ની સભાની કાર્યવાહીની નોધ મંજુર કરવામાં આવી.

૨) ગુજરાત યુનિવર્સિટી પ્રેસ ખાતે RISO Com Colour Black FW 1230 with Scanner & PS Kit) Copier Machine ખરીદવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

નોધ : ૧) ઉપરોકત કોપીયર મશીન ખરીદવા માટે IRIS Spectra Pvt Ltd ની ફકત એક જ પ્રપોઝલ આવેલ છે.
૨) આ અંગે કુલ ખર્ચ રૂ.૧૫,૧૨,૯૧૦/- પુરા થશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત અંગે ઇ-ટેન્ડર અંગેની કાર્યવાહી કરવાનું રાખવું.

૩) ફિઝીકસ વિભાગમાં ચાલતા DST-FIST Project હેઠળ 1) X-Ray Diffractometer 2) Semiconductor Characterization System ખરીદવા માટે વિભાગે ઇ-ટેન્ડર મારફત મંગાવેલ ભાવપત્રકોમાંથી સૌથી ઓછો ભાવ ભરનાર (L-1) Vendors પાસેથી કુલ રૂ.૮૯,૮૪,૩૫૦/- પુરાના ખર્ચે ગ્રાન્ટમાંથી ખરીદ કરવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એકિઝીકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ફિઝીકસ વિભાગમાં ચાલતા DST-FIST Project હેઠળ 1) X-Ray Diffractometer 2) Semiconductor Characterization System ખરીદવા માટે વિભાગે ઇ-ટેન્ડર મારફત મંગાવેલ ભાવપત્રકોમાંથી સૌથી ઓછો ભાવ ભરનાર (L-1) Vendors પાસેથી કુલ રૂ.૮૯,૮૪,૩૫૦/- પુરાના ખર્ચે ગ્રાન્ટમાંથી ખરીદ કરવાનું રાખવું.

519- 30-02-2019

૪) ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતા નિવૃત્ત કર્મચારીશ્રીઓના માસિક વેતનમાં કુલ રૂ.૪૦૦૦/-નો વધારો કરવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

નોધ : હાલમાં માસિક રૂ.૧૦,૦૦૦/- વેતન ચુકવવામાં આવે છે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતા નિવૃત્ત કર્મચારીશ્રીઓના માસિક વેતનમાં રૂ.૧,૫૦૦/- પ્રતિ માસનો વધારો કરવાનું રાખવું.

૫) ગુજરાત યુનિવર્સિટીના ટેક્ષી કોન્ટ્રાકટર રાજન ટ્રાવેલ્સના તા.૧૮-૯-૧૮ના પત્ર મુજબ બીલનં.આરટી/જીયુ/૦૦૧માં ઇન્ડીકાની જગ્યાએ ઇકો પ્રકારના તથા પેટ્રોલ અને સીએનજી પ્રકારના મોટા વાહનો (૭સીટર) ઉપસ્થિત અધિકારીઓની મૌખિક સૂચનાથી પરીક્ષા જેવી સંવેદનશીલ અને ગંભીરતાલક્ષી કામગીરીને ધ્યાને લઇ તાત્કાલિક ધોરણે અમોએ આ પ્રકારની સુવિધા પુરી પાડેલ હતી તેથી થયેલ કપાતની રકમ રૂ.૮૧,૫૧૨/- પરત મેળવવાની રજુઆત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ટેક્ષી કોન્ટ્રાકટર રાજન ટ્રાવેલ્સના તા.૧૮-૯-૧૮ના પત્ર મુજબ રૂ.૮૧,૫૧૨/-ની થયેલ કપાત અંગે ફાયનાન્સ સમિતિની તા.૩૦-૮-૧૮ની બાબત ક્રમાંક મુજબ નાની ગાડી (૪સીટર)ના દરથી થયેલ કપાત અંગેની ચુકવણીની કાર્યવાહી કરવાનું રાખવું.

૬) ગુજરાત યુનિવર્સિટીમાં ICICI Bank તરફથી આવેલ તા.૯-૯-૧૮ની દરખાસ્ત ઉપર વિચારણા કરવા અંગે.

ઉપરોકત બાબત અંગે હાલ પુરતી ચર્ચા વિચારણા અંગેની બાબત મોકુફ રાખવી.

૭) ઉપાસના સ્કુલ માટે એમ્પી થિયેટર માટે સાઉન્ડ સિસ્ટમ ખરીદવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.જેમાં વિભાગ ધ્વારા નીચે જણાવ્યા મુજબ ત્રણ વિકલ્પો રજુ કરેલ છે

૧) બોસ સ્પીકર, એમ્પ્લીફાયર પાંચ વર્ષની વોરંટી સાથે રૂ.૨૧,૪૩,૫૧૭/- વતા ઇન્સ્ટોલેશનના દશ ટકા અલગ સાથે ખરીદવા અંગે.

૨) બોસ સ્પીકર, એમ્પ્લીફાયર પાંચ વર્ષની વોરંટી સાથે રૂ.૧૭,૪૯,૧૯૫/- વતા ઇન્સ્ટોલેશનના દશ ટકા અલગ સાથે ખરીદવા અંગે.

૩) Wharsedale સ્પીકર, એમ્પ્લીફાયર બે વર્ષની વોરંટી સાથે રૂ.૧૪,૮૯,૯૫૫/- વતા ઇન્સ્ટોલેશનના દશ ટકા અલગ સાથે ખરીદવા અંગે.

આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપાસના સ્કુલ માટે એમ્પી થિયેટર માટે સાઉન્ડ લાઇટ સિસ્ટમ ખરીદવા વિભાગની જરુરીયાત પ્રમાણે આનુષાંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

૮) કેમેસ્ટ્રી વિભાગનું Schrodinger સોફ્ટવેર (ઓક્ટોબર ૨૦૧૮-૧૯)નું એક વર્ષ માટે લાયસન્સ રીન્યુ કરવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.આ અંગે કુલ ૮૪૦૦/- ડોલરનો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે કેમેસ્ટ્રી વિભાગનું Schrodinger સોફ્ટવેર (ઓક્ટોબર ૨૦૧૮-૧૯)નું એક વર્ષ માટે લાયસન્સ રીન્યુ કરવા અંગે ૮૪૦૦/- ડોલરનો ખર્ચ HPPમાંથી મંજુર કરવાનું રાખવું.

૯) ગુજરાત યુનિવર્સિટીમાં CCTVના ઇન્સ્ટોલેશન અંગે ડી જી એસ એન્ડ ડીના રેટ કોન્ટ્રાકટની જોગવાઇ ૧૨ પ્રમાણે ૧.૫ ટકા સ્લેબ ડીસ્કાઉન્ટ લેવાનું થાય જે અન્વયે મે.એકિસલીયો ટેકનોલોજી ઇન્ક કંપનીએ મફત કરેલ કામ રૂ.૧૨,૬૮,૮૭૪/- ૧.૫ ટકા લેખે સ્લેબ ડીસ્કાઉન્ટ રૂ.૩,૦૩,૯૩૯/- તથા સૂચન સિસ્ટમે મફત કરેલ કામ રૂ.૭,૫૧,૬૨૦/- ૧.૫ ટકા લેખે સ્લેબ ડીસ્કાઉન્ટ રૂ.૨,૨૭,૪૭૫/- તરફથી સ્લેબ ડીસ્કાઉન્ટ વેવ કરાવવા માટે આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં અલગથી ચર્ચા કરવાનું રાખવું.

૧૦) ગુજરાત યુનિવર્સિટી ખાતે બાયોમેટ્રીક ઇન્સ્ટોલ કરનાર વેપારી Microlink Solutionsના પત્ર મુજબ તેમના તા.૨૬-૧૦-૧૮ના બિલ પ્રમાણેની કુલ રકમ કરતા રૂ.૬,૦૯,૬૨૮/- ઓછા મળેલ હોવાની રજુઆત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે ટેન્ડરની જોગવાઇ મુજબ કાર્યવાહી કરવાનું રાખવું.

૧૧) ગુજરાત યુનિવર્સિટી ખાતે એરકન્ડીશનરનું કામ કરેલ વેપારી Hari Om Electronics ના પત્ર મુજબ તેમના તા.૫-૧૧-૨૦૧૮ના બિલ પ્રમાણેની કુલ રકમ કરતા રૂ.૧,૧૨,૨૭૦-૫૦ ઓછા મળેલ હોવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે GEMની શરતો મુજબ કાર્યવાહી કરવાનું રાખવું.

૧૨) ગુજરાત યુનિવર્સિટીમાં YES Bank તરફથી આવેલ તા૭-૧૨-૧૮ની દરખાસ્ત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે આગામી ફાયનાન્સ કમિટી સમક્ષ ચર્ચા કરવાનું રાખવું.

૧૩) બી.એસસી. પ્રેક્ટીકલ પરીક્ષાના મહેનતાણાંના દરો રીવાઇઝ કરવાની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે પ્રાયોગિક પરીક્ષાના દરની સમીક્ષા માટેની સમિતિ સમક્ષ ચર્ચા કરવાનું રાખવું.

૧૪) ગુજરાત યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના I/c. RMO તથા LMO દ્વારા આવેલ તા.૨૪-૧૨-૧૮ની પગાર વધારાની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

નોધ : હાલ તેઓને માસિક ઉચ્ચક વેતન રૂ.૪૦,૦૦૦/- ચુકવવામાં આવે છે તેઓશ્રી તરફથી રૂ.૬૦,૦૦૦/- માસિક ઉચ્ચક વેતનની માંગણી કરવામાં આવેલ છે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ઉક્ત બાબતે સરકારશ્રીના ઠરાવ ક્રમાંક:જીએચએસ-૧૦૨૦૧૦-એસએફએસ-૧૮૮-ત તા.૩૦-૧૦-૧૮ તથા હેલ્થ સેન્ટર ખાતે સારવાર મેળવતા લાભાર્થીઓની સંખ્યા ધ્યાને લેતા ડૉ.શૈલેષ રાવલ તથા ડૉ.કીરણબેનનો પગાર રૂ.૪૦,૦૦૦/- માસિકથી વધારી પ્રતિ માસ રૂ.૫૦,૦૦૦/- કરવાનું રાખવું.

૧૫) ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજ તરફથી આવેલ નીચે મુજબની બાબતો ઉપર વિચારણા કરવા અંગે.

૧) ગુજરાત યુનિવર્સિટીના એડમિન સ્ટાફને રુસા દ્વારા મળેલ ગ્રાન્ટ અંતર્ગત PDP on Tally અંગેની તાલીમ આપવા અંગેની બાબત પર વિચારણા કરવા અંગે આ અંગે કુલ રૂ.૩,૫૬,૮૩૨/- થશે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજ દ્વારા PDP on Tally અંગેની તાલીમ આપવા અંગે થનાર કુલ ખર્ચ રૂ.૩,૫૬,૮૩૨/- મંજુર કરવાનું રાખવું. જરુર જણાયે ઉપરોક્ત દરથી અન્ય કર્મચારીઓને આ તાલીમ ઉપલબ્ધ કરાવવી.

૨) ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજ તરફથી રુસા ગ્રાન્ટ અંતર્ગત એકેડેમિક સ્ટાફ ટુર માટે ઇ-ટેન્ડર દ્વારા મંગાવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી એકેડેમિક સ્ટાફ કોલેજ તરફથી એકેડેમિક સ્ટાફ ટુર માટે આવેલ ઇ-ટેન્ડરમાંથી સૌથી ઓછાં ભાવ ભરનાર ટુર ઓપરેટર રીવેરા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સને રૂ.૬૨૫૪/- પર પર્સન પર ડે પ્રમાણે વહીવટી કર્મચારીઓ માટેની તથા શૈક્ષણિક સ્ટાફની ટુર માટે રૂ.૮૫૮૬/- પર પર્સન પર ડે પ્રમાણેના ભાવે સદર કામગીરી સોપવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયેલ.

ઇ.ચા.કુલસચિવ

મંજૂર
મા.કુલપતિશ્રી સાહેબ